# હિંમતનગર પાલિકાનો સપાટો : ૧૫થી વધુ દબાણો તોડી પડાયા

## ગોકુલનગર, ખેડતસીયા અને સહકારી જીન રોડ પર દબાણો હટાવાયા : આગામી દિવસોમાં દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રહેશે

હિંમતનગર, તા. ૩

ઉનાળાની શરૂઆત થતાની સાથે જ નગરપાલિકાએ શહેરના વિવિધ સ્થળે કોઈપણ જાતની પરવાનગી લીધા વિના બાંધી દેવાયેલા કાચાપાકા દબાણો કરી દેવાયા હોવાથી અનેક લોકોને અગવડો ભોગવવી પડી રહી છે. ત્યારે હિંમતનગર નગરપાલિકાએ મંગળવારે દબાણ વિભાગના સહયોગથી ૧૫થી વધુ દબાણો દૂર કરી દેવાતા અન્ય દબાણકર્તાઓમાં ભય ફેલાઈ ગયો છે. ખાસ કરીને નગરપાલિકાએ શહેરના પૂર્વ વિસ્તારમાં થતા રોકટોક વિનાના દબાણો દૂર કરવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

આ અંગે નગરપાલિકાના ચીફ ઓફીસર અલ્પેશ પટેલ તથા દબાણ વિભાગના અધિકારીઓના જણાવાયા મુજબ પાલિકાના સત્તાવાળાઓએ અગાઉ તેમને મળેલી દબાણની ફરીયાદો બાદ સ્થળ ચકાસણી કરી હતી જેમાં અનેક ઠેકાણે કરાયેલા દબાણો ગેરકાયદે જણાયા હતા જેને લઈને મંગળવારે પાલિકા દ્વારા શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલ ગોકુલનગરના કોમનપ્લોટમાં ગેરકાયદે કરાયેલા દબાણો દૂર કરીને કામની શરૂઆત કરી હતી.

ત્યારબાદ પાલિકાના દબાણ વિભાગ દ્વારા અવધપાર્ક સોસાયટીની દિવાલનો કેટલોક ભાગ દબાણમાં હોવાથી તેને જેસીબી તથા મજુરોની મદદથી દૂર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સહકારી જીન રોડ પર આવેલ ચાર દુકાનો તથા ખેડતસીયા રોડ પર આવેલ કેનાલ ઉપરના અંદાજે ૧૦ થી વધુ કાચા દબાણો દૂર કરી દેવામાં આવ્યા હતા. જેને લઈને ઉપરોક્ત તમામ વિસ્તારોમાં જે લોકોએ ગેરકાયદે દબાણ કરીને તેનો ઉપયોગ કરી રહ્યા છે તેવા લોકો પણ ભયભીત બની ગયા છે.

દરમિયાન પાલિકાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આગામી દિવસોમાં પણ ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. તો બીજી તરફ શહેરીજનોનુ કહેવુ છે કે શહેરના ભરચક વિસ્તારમાં અનેક ઠેકાણે વેપારીઓ તથા અન્ય લારીવાળાઓ દિવસ દરમિયાન રોડની બંને બાજુ માલસામાન તથા લારીઓ ખડકી દઈ રોડને ખુબજ સાંકડો બનાવી રહ્યા છે. ત્યારે પાલિકાએ આ દિશામાં પણ તપાસ કરીને કાયમી ધોરણે આવા દબાણોને કદેડી દેવા હિતાવહ છે નહી તો અમદાવાદના કોટ વિસ્તારની જે હાલત છે તેવી હાલત હિંમતનગરના ભરચક વિસ્તારોની થાય તો નવાઈ નહી.

આ ઉપરાંત નગરપાલિકા સંચાલિત ટાવરચોક પાસે આવેલ શાક માર્કેટમાં ધંધો કરતા વેપારીઓને દુકાનો અપાઈ હોવા છતા કોઈપણ વેપારી દુકાનની અંદર માલસામાન ભરીને વેપાર કરવાને બદલે અલગથી લારી ઉભી રાખે છે જેના લીધે રોજબરોજ શાકભાજી તથા અન્ય ચીજવસ્તુઓ ખરીદવા આવતા ગ્રાહકોને ચાલવાની પણ જગ્યા મળતી નથી. ઓછામાં પુરૂ શાકમાર્કેટમાં રખડતી ગાયોનો ત્રાસ પણ ખુબજ પીડાદાયક સાબિત થઈ રહ્યો છે. ત્યારે પાલિકાના સત્તાવાળાઓએ કંઈક વિચારીને શહેરીજનોને મદદરૂપ થવુ ઘટે.

# ડીસામાં બગીચો ચાલુ કરવાની માંગ સાથે આમ આદમી પાર્ટીના પ્રતીક ઉપવાસ

ડીસા, તા. ૩

ડીસા પાલિકા દ્વારા અઢી કરોડ ઉપરાંતના ખર્ચે હવાઈ પીલર નજીક નાનાજી દેશમુખ બગીચાનું નિર્માણ કરવામાં આવ્યુ હતું. પરંતુ રાજકીય વિવાદને લઈ આ બગીચો વિવાદમાં સપડાયો હતો જેને લઈને કોન્ટ્રાક્ટર દ્વારા તેને તાળું મારી દેવામાં આવતા વિવાદ વધુ વકર્યો છે. જોકે શહેરીજનો માટે સુંદર અને એક માત્ર આ બગીચાને ખુલ્લો મુકવા માટે આમ આદમી પાર્ટી દ્વારા પાલિકાને અવારનવાર રજુઆત કરવા છતાં કોઈ જ નિરાકરણ ન આવતા મંગળવારે આમ આદમી પાર્ટીના કાર્યકરો પાલિકા કમ્પાઉન્ડમાં જ બે દિવસના પ્રતીક ઉપવાસ પર ઉતર્યા છે. જેથી અગાઉ ૧૩ સભ્યોના સમિતિ પદેથી રાજીનામા આપ્યા બાદ વધુ એકવાર પાલિકાતંત્ર ભીંસમાં મુકાયું છે.



**પાલિકા પ્રમુખની ખાતરી બાદ પારણા**

ડીસામાં આમ આદમી પાર્ટી દ્વારા મંગળવારે પાલિકા ખાતે નાનાજી દેશમુખ બગીચો શરૂ કરવાની માંગ સાથે પ્રતીક ઉપવાસ આંદોલન શરૂ કર્યું હતું જોકે સાંજે પાલિકા પ્રમુખ શિલ્પાબેન માળી દ્વારા આ મામલે આગામી જનરલ બોર્ડમાં ઠરાવ કરી સરકારમાં દરખાસ્ત બને તેટલી ઝડપી મોકલી લોક હિતમાં ઝડપી કાર્યવાહી કરવાની ખાતરી આપી તમામ ઉપવાસીઓને પારણા કરાવી ઉપવાસ આંદોલનનું સમાપન કરાવ્યું હતું.

ડીસાના હવાઈ પિલર નજીક પાલિકા દ્વારા અઢી કરોડના માતબર ખર્ચે આધુનિક બગીચાનું નિર્માણ કરાયું હતું જોકે શરૂઆતથી જ આ બગીચો વિવાદિત રહ્યો હતો. પ્રથમ બગીચો નિર્માણ પામ્યા બાદ પાલિકા દ્વારા તેનું લોકાર્પણ થાય તે પહેલાં જ તે જમીન સરકારની હોઈ નાયબ કલેકટર દ્વારા તેના ઉપર મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો બાદમાં લોકો દ્વારા આ બગીચો ખુલ્લો મૂકી દેવામાં આવ્યો હતો. જોકે તે સમયે આ બગીચાનું નિર્માણ કરનારા કોન્ટ્રાક્ટરનું પેમેન્ટ બાકી હોઈ તેણે આ બગીચાને તાળું મારી દેતા વિવાદ વધુ વકર્યો હતો. આ મામલે આમ આદમી પાર્ટી દ્વારા આ બગીચો ખુલ્લો મુકવાની માંગ સાથે અવારનવાર રજુઆત કરવામાં આવી હતી તેમ છતાં તેનું નિરાકરણ ના આવતા મંગળવારે આમ આદમી પાર્ટીના ૧૦થી વધુ કાર્યકરો ડીસા પાલિકા આગળ જ બે દિવસના પ્રતીક ઉપવાસ ઉપર બેઠા હતા અને પાલિકા વિરુદ્ધ ભારે સુત્રોચ્ચાર કરી તાત્કાલિક ધોરણે બગીચો ખુલ્લો કરવાની માંગણી કરી હતી.

## પાલનપુર નગરપાલિકા દ્વારા કડક વેરા વસુલાત હાથ ધરાઈ

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાએ રીઢા બાકીદારો સામે લાલ આંખ કરી છે. ત્યારે પાલનપુર- અમદાવાદ હાઈવે પર આવેલી નંદ બંગ્લોઝ પાસે આવેલી કોમર્શિયલ મિલકતોના બાકી વેરા પેટે સીલ મારવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

પાલનપુર નગરપાલિકા દ્વારા બાકી વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરાઈ છે. ત્યારે શહેરના અમદાવાદ હાઈવે પર આવેલા નંદ બંગ્લોઝ પાસે આવેલી બિન રહેણાંક મિલકતોના બાકી વેરા વસુલાત માટે પાલિકાની ટિમ દ્વારા ગુજરાત મ્યુનિસિપલ અધિનિયમ ૧૯૬૩ની કલમ ૩૩ હેઠળ નોટીસો ફટકારાઈ હતી.

જોકે, પાલિકાની આખરી નોટિસોને પણ રીઢા બાકીદારો ઘોળીને પી જતા પાલિકા દ્વારા આજે મિલ્કતો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં ૨ મિલ્કત સીલ કરાઈ હતી. જોકે, પાલિકાના આક્રમક રૂખને લઈને સ્થળ પર જ રૂ.૨ લાખની વેરા વસુલાત કરાઈ હોવાનું પાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું. આમ, પાલિકાની કડક કાર્યવાહીને પગલે રીઢા બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# ડીસાના બનાસ પુલ પર ટ્રેક્ટર-ટ્રક ટકરાયા

## ટ્રેક્ટર પલટી ખાતા હાઇવે પર ટ્રાફિક ચક્કાજામ







ડીસાના બનાસ પુલ ઉપર મંગળવારે થરાદ હાઈવે તરફથી બટાકા ભરી આવતા ટ્રેક્ટર અને પાછળ આવી રહેલી ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેથી બટાકા ભરેલ ટ્રેક્ટર પલટી ખાઈ જતા હાઈવે રોડ ઉપર બટાકાની બોરીઓ ફેંકાઈ જતા બટાકાની રેલમછેલ થઈ હતી. અકસ્માતના પગલે પુલની બન્ને સાઈડે વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી.જેથી ડીસા તરફ આવવાનો એક માત્ર હાઈવે બન્ધ થઈ જતા વાહનચાલકો અટવાયા હતા અને નાછૂટકે મોટાભાગના વાહનો નદીમાં આવેલ કાચા માર્ગ પરથી પસાર થયા હતા તેમછતાં કલાકો સુધી ટ્રાફિકજામ થઈ જવા પામ્યો હતો તેથી વાહન ચાલકો રઝળી પડ્યા હતા. ત્યારબાદ મોડે મોડે આવેલી પોલીસે ટ્રેક્ટર ઉભું કરી રસ્તો ખુલ્લો કરાવતા માંડ ટ્રાફિક પૂર્વવત શરૂ થવા પામ્યો હતો. તેથી વાહન ચાલકોએ હાશકારો અનુભવ્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં કહેવાતા પોલીસના ખબરીઓનો રોફ

## મોડાસામાં યુવતીની છેડતી કરનાર 'ખબરી' ખુદ પોલીસના સકંજામાં

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં પોલીસતંત્રમાં વહીવટદારોની બોલબાલા વધી ગઈ હોય તેમ ખાખી પેન્ટ અને લાલ બુટ પહેરી રાજય પોલીસવડાથી લઈ જીલ્લા પોલીસ અધિક્ષક અને પોલીસ અધિકારીઓના નામે પ્રજાજનો અને ખુદ પોલીસ કર્મીઓ સામે રોફ મારતા અનેક વહીવટદારો ખુલ્લેઆમ દાદાગીરી કરી રહ્યા હોવાની અનેક બૂમો ઉઠી રહી છે.

મોડાસાની રામપાર્ક સોસાયટીમાં રહેતી યુવતીને પ્રેમ સંબંધ બાંધવા બળજબરી કરનાર અને બિભસ્ત ગાળો બોલનાર શાહરુખ શેખ નામનો ટપોરી મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં પડ્યા પાથર્યો રહેતો હોવાની ચર્ચાએ વધુ એકવાર પોલીસની આબરૂની ધૂળ ધાણી કરી નાખી છે. પોલીસ સ્ટેશનમાં શાહરુખ શેખને આરોપીના બદલે ભાઈબંધી જેમ ખુરશીમાં બેસાડવામાં આવતા પત્રકારો પણ અચંબિત બન્યા હતા પત્રકારોને




જોઈ મોઢું સંતાડી દીધું હતું.

મોડાસામાં પોલીસ તરીકેનો રોફ મારતા અને કહેવાતા પોલીસતંત્રના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓના બાતમીદાર શાહરુખ મોહમ્મદ સલીમ શેખ નામના શખ્સે પલ્સર બાઈક પર પીછો કરી રામપાર્કમાં રહેતી અને ભાવસારવાડા નજીક એક ખાનગી દવાખાના પાસેથી પસાર થતી યુવતીને અટકાવી પ્રેમ સંબંધ બાંધવા માટે દબાણ કરતા અને પ્રેમ સંબંધ રાખવા બળજબરી કરતા યુવતીએ ટપોરી શાહરુખને વશ થવાની ના પાડતા શાહરુખ શેખ ઉશ્કેરાઈ જઈ મા-બહેન સામે ગાળો ભાંડી બિભસ્ત વર્તન કરતા હોબાળો થતા ટપોરી શાહરુખ શેખ ત્યાંથી બાઈક લઈ રફુચક્કર થઈ ગયો હતો. આ મામલે યુવતીની ફરિયાદને આધારે મોડાસા ટાઉન પોલીસે ઈપીકો કલમ-૩૫૪ (ધ) મુજબ શાહરુખ મોહમ્મદ સલીમ શેખ (રહે.મોડાસા) વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ઉચ્ચ અધિકારીઓના નામે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સામે રોફ જમાવતા શાહરુખ શેખને મોડાસા ટાઉન પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દેતા કેટલાક પોલીસ કર્મચારીઓ મનમાં મલકાયા છે.


પોલીસના બાતમીદાર અને લોકો આગળ રોફ જમાવતા અને લાલ પલ્સર બાઈક પર હંમેશા ખાખી પેન્ટ અને લાલ બુટ પહેરી રોફ જમાવતા શાહરુખ શેખ સામે ફરિયાદ નોંધાતા ટાઉન પોલીસે કડક પગલા લઈ એવી રીતે શાન ઠેકાણે લાવી છે કે હવે વહીવટદાર બની પોલીસનું નામ લેતા પણ જીભ થોથવાઈ જશે. પોલીસની મને કમને કરેલી કડક કાર્યવાહીની લોકોએ સરાહના પણ કરી છે.

# બોર્ડની પરીક્ષા પહેલા યાદશક્તિ વધારવા ટોનિકનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓ

## અરવલ્લી જિલ્લામાં વિદ્યાર્થીઓમાં માઈન્ડ ટોનિકનો ક્રેઝ

મોડાસા, તા. ૩

રાજ્યમાં બોર્ડની પરીક્ષાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ધો.૧૦ અને ધો.૧૨ ના બોર્ડના પરીક્ષાર્થીઓ ટેન્શન દૂર કરવા અને યાદશક્તિ વર્ધક દવાઓનો ક્રેઝ વધ્યો છે. કેટલાક વિદ્યાર્થીઓ જ્યોતિષના આશીર્વાદ મેળવી પરીક્ષામાં ઉત્તમ દેખાવ કરી શકે તે માટે દોરા-




ધાગાનો પણ સહારો લઈ રહ્યા છે. વિદ્યાર્થીઓમાં એકાગ્રતા, આત્મવિશ્વાસ કમી અને પરીક્ષાનો ડર દૂર કરવા માટે કેટલાક વિદ્યાર્થીઓ અને વાલીઓ યાદશક્તિ વધારનાર (માઈન્ડ ટોનિક) દવાઓ ખરીદવાનું શરૂ કરતા જીલ્લામાં આયુર્વેદિક દવાઓ વેચાણ કરનાર વેપારીઓને તડકો બોલાઈ ગયો છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ જાહેરાતોથી લલચાઈ દવા ખરીદવા આવતા હોવાનું વેપારીઓ માની રહ્યા છે.

મોડાસા શહેર શિક્ષણનગરી તરીકે ઉત્તર ગુજરાતમાં આગવી ઓળખ ધરાવે છે અનેક સાર્વજનિક અને ખાનગી સંસ્થાઓમાં અનેક વિદ્યાર્થીઓ અરવલ્લી જિલ્લા સહીત આજુબાજુના જીલ્લામાંથી અભ્યાસ અર્થે આવે છે. હાલ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાઓ તેમજ હાઈસ્કૂલ અને કોલેજ કક્ષાની પરીક્ષાઓના પગલે પરીક્ષાર્થીઓએ તૈયારીઓની મથામણમાં પડ્યા છે. ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાનું ટેન્શન અનુભવતા વિદ્યાર્થીઓના કેટલાક વાલીઓ વિદ્યાર્થીઓને બ્રેઈન ટોનિક પીવડાવી રહ્યા છે તો કોઈ વાલી જડીબુટ્ટી સીરપ પીવડાવી રહ્યા છે. બોર્ડની પરીક્ષાના ગણતરીના કલાકો પહેલા પરીક્ષાર્થીઓ પરીક્ષાનો ડર દૂર કરવા યાદશક્તિ વધારવા માટે બ્રેઈન ટોનિકની ખરીદી કરી રહ્યા હોવાથી યાદશક્તિ વધારનાર દવાઓમાં ભારે ઉછાળો આવ્યો છે.

હેમેન્દ્ર નામના પરીક્ષાર્થી બ્રેઈન ટોનિકની ખરીદી કરતા જણાવ્યું હતું કે બોર્ડની પરીક્ષાનો હાઉથી વાંચેલું યાદ રહેતું નથી વાંચવા છતાં ભૂલી જવાની ઘટનાના પગલે યાદશક્તિ વધારવાની દવા અન્ય મિત્રો લેતા હોવાથી મને જાણ થતા હું પણ યાદશક્તિ વધારવાની દવા ખરીદી છે.

### માલેતુજાર પરિવારો તેમના બાળકોને આંખુ વર્ષ મોંઘીદાટ બ્રાઈન ટોનિક પીવડાવી ખાડામાં ઉતરે છે

હાલ દવા બજારમાં અનેક લેભાગુ કંપનીઓ મોટા પ્રમાણમાં યાદશક્તિ વધારવા માટે ટોનિકની જાહેરાતો આપતા અને ટોનિક પીવાથી વિદ્યાર્થીઓના થયેલ ફાયદાની મોટા ઉપાડે માર્કેટિંગ કરવામાં આવતા શહેરી વિસ્તારોમાં રહેતા સુખી સંપન્ન વાલીઓ પોતાના બાળકોને આખું વર્ષ આવા ટોનિક પીવડાવીને હજ્જારો રૂપિયાનો ખર્ચો કરી ખાડામાં ઉતરતા હોય છે, ત્યારે પરીક્ષાના થોડાક દિવસ અગાઉ સામાન્ય વાલીઓ પણ યાદશક્તિ વધારનાર ટોનિક ખરીદી રહ્યા છે જેથી વેપારીઓને તડકો બોલાઈ ગયો કેટલીક જાણીતી કંપનીઓની દવાઓ તો સ્ટોક પણ ખલાસ થઈ ગયો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

# ગેરેજ આગળ લઘુશંકા કરવાની ના પાડતા મળ્યું મોત

## અમીરગઢમાં ગેરેજ સંચાલકની હત્યા કરનાર ૪ આરોપીઓને આજીવન કેદ

અમીરગઢના ઉગમણાવાસ રોડ પર ગેરેજ ધરાવતા ગેરેજ માલિકની નજીવી બાબતે ૨૦૧૭માં હત્યા કરાઈ હતી. જે કેસમાં ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટે ૪ આરોપીઓને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા ફટકારતા ચકચાર મચી જવા પામી છે.

અમીરગઢના ઉગમણાવાસમાં જયઅંબે મોટર ગેરેજ આવેલી છે. જયા તા.૩-૧૧-૨૦૧૭ ના રોજ ગેરેજ વધાવવા ટાણે સાંજે ૬ વાગ્યાના સુમારે શંકરભાઈ સગરામ ભાઈ પરમાર (ગરાસિયા) અને બીજા ત્રણ માણસો આવ્યા હતા. જેમાંથી શંકરભાઈ સગરામભાઈ પરમાર (ગરાસિયા) ગેરેજના આગળના ભાગમાં ઉભા ઉભા લઘુશંકા કરતા હતા. જેથી ગેરેજના સંચાલક અરવિંદ સિંહ શંકરસિંહ ડાભીએ અમારી ગેરેજ આગળ કેમ લઘુશંકા કરો છો? તેવું કહેતા આરોપી શંકરભાઈ સગરામ ભાઈ ગરાસિયાએ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલતા અરવિંદસિંહે ગાળો બોલવાની ના પાડતા આરોપી શંકર ભાઈ સગરામભાઈ સહીતના ૪ આરોપીઓએ ભેગા મળી છરી, ધોકો, સાઈકલની ચેન વડે હુમલો કરતા ગંભીર ઈજાઓ થતા અરવિંદસિંહનું મોત નિપજ્યું હતું.

આ અંગે અમીરગઢ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધમાં ફ.ગુ.રજી.નં.૮૯/ ૨૦૧૭ થી આઈ.પી.સી. ૩૦૨, ૫૦૪, ૧૧૪ મુજબ ગુનો નોંધાયો હતો. જે સેશન્સ કેસ નં.૨૪/ ૨૦૧૮ પાલનપુરની ડિસ્ટ્રિક્ટ સેસન્સ કોર્ટમાં ચાલી જતા ન્યાયમૂર્તિ વિક્રમસિંહ ગોહિલે ફરિયાદી પક્ષે મૌખિક અને દસ્તાવેજી પુરાવા અને સરકારી વકીલ સી.જી.રાજપૂતની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી ચારે આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી હતી.

નામદાર કોર્ટે આરોપી (૧)શકાભાઈ શંકરભાઈ સગરામભાઈ પરમાર (ગરાસિયા), (૨)બાબુભાઈ સાંકળા ભાઈ પરમાર (ગરાસિયા), (૩)રમેશ ભાઈ મંછાભાઈ પરમાર(ગરાસિયા) અને (૪)જોરાભાઈ સોમીરાભાઈ પરમાર(ગરાસિયા)ને ઈ.પી.કો.કલમ- ૩૦૨ સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબ ના ગુનામાં તકસીરવાન ઠેરવી પ્રત્યેક આરોપીઓને આ ગુના સબબ આજીવન કેદની સજા અને રૂ.૧૦૦૦ નો દંડ અને દંડ ન ભરે તો વધુ એક માસની કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો હતો.

# પાલનપુરમાં ડોર ટુ ડોર કચરા કલેકશનમાં ૨.૪૦ કરોડનું કૌભાંડ

## ડીસા બાદ પાલનપુરમાં પણ શાસક પક્ષના સભ્યએ જ બાંયો ચડાવી : કમિશ્નરને લેખિત ફરિયાદ કરતા ખળભળાટ

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના પ્રમુખ અને તત્કાલિન ચિફ ઓફિસર દ્વારા ડોર ટુ ડોર ઘન કચરા કલેકશન તેમજ ઓપન સ્પોટો પરથી કચરો – ગંદકી નિકાલ કરવાની કામગીરીમાં રૂપિયા ૨,૪૦,૦૦,૦૦૦નું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના સંગીન આક્ષેપો ખુદ શાસક પક્ષના નગરસેવકે જ કરતા ખળભળાટ મચી ગયો છે.

ભાજપ શાસિત ડીસા નગરપાલિકામાં પ્રમુખ સામેનો અસંતોષ બહાર આવતા ૧૨ સભ્યોએ રાજીનામાં ધરી દીધા છે. જે અસંતોષ હજી ઠર્યો નથી ત્યાં ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા માં પણ પ્રમુખ સામે ખુદ સત્તાપક્ષના નગરસેવકે ભ્રષ્ટાચારના આક્ષેપો કરતા ચકચાર મચી જવા પામી છે. પાલનપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને વર્તમાન સદસ્ય અમૃતભાઈ ચુનીલાલ જોશીએ ગાંધીનગર મ્યુનિસિપાલીટી કમિશ્નરને કરેલી રજૂઆતમાં ગંભીર અને ચોંકાવનારા આક્ષેપો કરતાં જણાવ્યું છે કે, પાલનપુર નગરપાલિકાના પ્રમુખ અશોક ઠાકોર અને તત્કાલિન ચિફ ઓફિસર પંકજ બારોટે તારીખ ૦૧-૦૧-૨૦૧૯ ૧-૧-૨૦૨૦ દરમિયાન દરબાર વેસ્ટ કોર્પોરેશનને ડોર ટુ ડોર ઘન કચરા કલેકશન તેમજ ઓપન સ્પોટો ઉપરથી કચરો – ગંદકી નિકાલ કરવાની કામગીરી આપવામાં આવી હતી.

જોકે, આ કામગીરી આજ કોન્ટ્રાકટરને મળે તે માટે ટેન્ડરમાં નોટિસમાં ખોટી અને જરૂરીયાત ન હોય તેવી ૬૫ શરતો રાખી તે શરતોનો ભંગ કરી રૂપિયા ૨,૪૦,૦૦,૦૦૦નું કૌભાંડ આચરવામાં આવ્યું છે.